જન્મદિને વધામણી

છત્રપાલસિંહ રાણા
(૩૧-૮-૧૯૯૭) મો. : ૯૯૨૪૨ ૭૮૯૫૪

ગીતા એ. ધર્મપાલ
બ્યુટીશિયન
(૩૧-૮-૧૯૭૩) ફોન : ૨૩૨૨૫૮૨૦

લાયોનેસ ક્લબ દ્વારા માનસિક વિશિષ્ટ બાળકો અને પોલીસ સાથે રક્ષાબંધન પર્વ ઉજવણી

ગાંધીનગર, તા. ૩૦

લાયોનેસ ક્લબ, ગાંધીનગર દ્વારા રક્ષાબંધન પર્વની ઉજવણી માનસિક વિશિષ્ટ બાળકો અને પોલીસ કર્મચારીઓ સાથે કરવામાં આવી હતી.

નગરના પાદરે સરગાસણ ખાતે સ્થિત માનવસ્મૃતિ શાળામાં અભ્યાસ કરતા માનસિક વિશિષ્ટ બાળકો તથા ચ-૦ સર્કલ પર ફરજરત કમાન્ડોને રાખડી બાંધી લાયોનેસ ક્લબ દ્વારા રક્ષાના આ પવિત્ર પર્વની ઉજવણી કરવામાં આવી હતી.

લાયોનેસ ક્લબ, ગાંધીનગરનાં પ્રમુખ વૈશાલી જોષી, મંત્રી દક્ષાબેન જાદવ, કમિટી ચેરમેન શોભાબેન શાહ, વર્ષાબેન ઠક્કર, પ્રિયાબેન મનીક, રીટાબેન સોલંકી તથા ક્લબનાં અન્ય સભ્યોએ આ પ્રસંગે ઉપસ્થિત રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

વૃદ્ધાવસ્થા : જીવનની સેકન્ડ ઈનીંગ્સ

નગરના સિનિયર સિટિઝન્સ માટે રવિવારે રોટરી ક્લબ ઑફ ગાંધીનગર દ્વારા 'સેકન્ડ ઈનીંગ્સ' નામે એક દિવસનીય કાર્યક્રમ સિનિયર સિટિઝન્સ માટે આનંદમય બની રહ્યો હતો. ઘણા વખતે સિનિયર સિટિઝન્સ આટલી મોટી સંખ્યામાં એકત્ર થયા હતા અને તેમણે ન માત્ર કાર્યક્રમને પૂર્ણપણે માણ્યો હતો, પરંતુ ભેગા મળીને ખૂબ વાતો પણ કરી હતી, આનંદ પણ પ્રાપ્ત કર્યો હતો. અનેક વડીલોએ તો લંચ ટાઈમ દરમ્યાન ભોજનનું આકર્ષણ પડતું મૂકીને પોતાના ગોઠિયાઓ જોડે મનભરીને ગોષ્ઠિ પણ કરી હતી, જેના કારણે શાળાના વિદ્યાર્થીઓની જેમ શિસ્તબદ્ધ બેઠેલા ખુશખુશાલ વડીલોનાં આવાં સુંદર દૃશ્યો ટાઉનહૉલની બહાર જોવા મળ્યાં હતાં. (તસવીર : કુંતલ નિમાવત)

રોટરી ક્લબ ઓફ કેપિટલ, ગાંધીનગર દ્વારા

સેક્ટર-૮ સ્થિત આદર્શ નિવાસી કન્યા શાળા ખાતે ડિવાઈન પાવર ઍક્ટિવેશનનો વર્કશૉપ સંપન્ન

ગાંધીનગર, તા. ૩૦

ગાંધીનગરનાં સેક્ટર - ૮ સ્થિત આદર્શ નિવાસી કન્યા શાળા ખાતે તાજેતરમાં ધોરણ-૯માં અભ્યાસ કરતી વિદ્યાર્થીનીઓ માટે ડિવાઈન પાવર એક્ટિવેશનનો વર્કશોપ યોજાઈ ગયો. કોઈપણ પ્રકારની ફી લીધા વગર યોજાયેલ આ વર્કશોપમાં ૪૧ વિદ્યાર્થીનીઓને રોટરી ક્લબ ઓફ કેપિટલ, ગાંધીનગર દ્વારા ડિવાઈન પાવર એક્ટિવેશન અકેડમીનાં સહયોગથી પ્રશિક્ષણ આપવામાં આવ્યું હતું. વિષય નિષ્ણાત તથા ડિવાઈન પાવર એક્ટિવેશન અકેડમીના નિયામક અને રોટરી ક્લબનાં પૂર્વ પ્રમુખ અરવિંદભાઈ રાણા તથા તેમની ટીમ દ્વારા બ્રેઈન જીમ, મેડીટેશન, ઈમેજીનેશન અને મ્યુઝીક થેરાપીનાં માધ્યમથી અત્યંત રોચક શૈલીમાં જ્ઞાન પીરસવામાં આવ્યું હતું. બે દિવસીય આ વર્કશોપ દરમ્યાન જ વિદ્યાર્થીનીઓની પીનીયલ ગ્લેન્ડને એક્ટિવ કરી દેવામાં આવી હતી. જેને કારણે તેઓ આંખે પાટા બાંધીને સ્પર્શ તથા ગંધના માધ્યમથી કલર ઓળખવા માંડ્યા હતા. બેદિવસના વર્કશોપ બાદ રોટરી ક્લબનાં પ્રમુખ મનોજભાઈ સરૈયા તથા નિષ્ણાતોની ટીમ દ્વારા વિદ્યાર્થીનીઓને બેદિવસો સુધી દરરોજ એક એક કલાકનો અભ્યાસ કરાવવામાં આવ્યો હતો. આ અભ્યાસના કારણે કેટલીક વિદ્યાર્થીનીઓ તો વસ્તુનો સ્પર્શ કર્યા વગર તેનો કલર અને તેના ઉપર લખેલ શબ્દો વાંચી શકતી હતી.

આ વર્કશોપના સમાપન પ્રસંગે અરવિંદભાઈ રાણાએ જણાવ્યું હતું કે બે દિવસ દરમ્યાન આપવામાં આવેલ તાલીમને કારણે વિદ્યાર્થીનીઓના બ્રેઈનની ક્ષમતા વધી ગઈ છે. ધ્યાન અને મ્યુઝીક થેરાપીને કારણે વિદ્યાર્થીનીઓ પોતાના લોજીકલ માઈન્ડ અને ઈમોશનલ માઈન્ડનું સમતુલન બનાવી રાખવામાં સમર્થ બની ગઈ છે.

કાર્યક્રમનાં પ્રારંભમાં શાળાના આચાર્યા કુસુમબહેન ચૌહાણે સ્વાગત પ્રવચન કર્યું હતું. ત્યારબાદ પ્રોજેક્ટ ચેરમેન અમીબહેન શાહે પ્રાસંગિક ઉદ્બોધન કરી વિદ્યાર્થીનીઓમાં રહેલી શક્તિઓને બિરદાવી હતી. રોટરી ક્લબનાં સ્થાપક પ્રમુખ જગતભાઈ કારાણીએ વિદ્યાર્થીનીઓને આ જ્ઞાનનો સદુપયોગ કરવા પ્રેરણા આપી હતી. રોટરી ક્લબનાં પ્રમુખ મનોજભાઈ સરૈયાએ પણ પ્રાસંગિક ઉદ્બોધન કર્યું હતું.

મંચસ્થ મહાનુભાવોના વરદ હસ્તે વર્કશોપમાં ભાગ લેનાર તમામ વિદ્યાર્થીનીઓને રોટરી ક્લબ ઓફ કેપિટલ, ગાંધીનગર દ્વારા એક કીટ આપવામાં આવી હતી.

શિબિરના સમાપન પ્રસંગે રોટરી ક્લબનાં સભ્ય ગીતાબા ચૌહાણ, જયશ્રીબેન ખેતિયા, છાત્રાલયના ગૃહમાતા ગંગાબહેન, શાળાના શિક્ષકગણ તથા છાત્રાલયની તમામ વિદ્યાર્થીનીઓ ઉપસ્થિત રહી હતી. સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન શાળાની વિદ્યાર્થીનીઓ દ્વારા કરવામાં આવ્યું હતું. જ્યારે આભાર વિધિ શિક્ષક વિપુલકુમાર ઉપાધ્યાયે કરી હતી.

સે. ૫ના શિવશક્તિ મંદિરે આજે લીલોતરીનો શણગાર

ગાંધીનગર, તા. ૩૦

શ્રી પંચમુખી મહાદેવ ચેરીટેબલ ટ્રસ્ટના સહયોગથી સેક્ટર-૫ એ ખાતે સ્થિત શ્રી શિવશક્તિ મંદિર ખાતે શ્રાવણ માસના ત્રીજા સોમવાર નિમિત્તે આવતીકાલે લીલોતરીનો શણગાર કરવામાં આવશે, જેમાં બિલિપત્ર, આસોપાલન, નાળિયેરી, વડ અને પીપલા સહિત અન્ય જંગલી વનસ્પતિથી ભોળાનાથને સુશોભિત કરવામાં આવશે અને જળથી સતત અભિષેક કરવામાં આવશે.

સૌ ભાવિક ભક્તોને આ પ્રસંગે દર્શનનો લાભ લેવા ટ્રસ્ટ દ્વારા નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

સે. ૮ના શ્રી અંબાજી મંદિરનો પાટોત્સવ આજે

ગાંધીનગર, તા. ૩૦

સેક્ટર-૮ ખાતે સ્થિત શ્રી અંબાજી માતાના મંદિરનો ૯મો પાટોત્સવ આવતીકાલે ઉજવવામાં આવશે. આ પ્રસંગે મંદિરના અંબિકા ચોકમાં નવચંડી યજ્ઞનું આયોજન કરવામાં આવ્યું છે. જયંતભાઈ સાતા અને ઈન્દ્રજિતસિંહ સોલંકી સપરિવાર યજમાનપદ શોભાવશે.

સવારે ૯ કલાકે યજ્ઞનો આરંભ કરાશે, ૯.૧૦થી ૧૨.૩૦ દરમ્યાન દેવ-દેવીઓની સ્થાપના અને પૂજા આરતી યોજાશે, ૨થી ૩ દરમ્યાન હોમ-હવન, ૩થી ૫ દરમ્યાન શ્રી અંબાજી માતાની મહાપૂજા (રાજોપ્રચાર વિધિ) તથા શ્રીફળ હોમવા અને આહુતિ આપવાનો સમય સાંજે ૫થી ૬ કલાક દરમ્યાન નિયત કરવામાં આવ્યો છે. યજ્ઞની પૂર્ણાહુતિ તથા પ્રસાદી વિતરણનો સમય સાંજે ૬ કલાકે રાખવામાં આવ્યો છે.

રાંધેજા જૂથ કક્ષાના યુવક મહોત્સવમાં કોલવડાની કે કે પટેલ વિદ્યાલય ઝળકી

હળવું કંઠ્ય સંગીત તથા નિબંધલેખનમાં પ્રથમ ક્રમ મેળવ્યો

ગાંધીનગર, તા. ૩૦

રાંધેજા જૂથ કક્ષાનો યુવક મહોત્સવ લિંબોદ્રા ખાતે તાજેતરમાં યોજાયો હતો, જેમાં કે કે પટેલ વિદ્યાલય, કોલવડાના વિદ્યાર્થીઓએ ઉત્કૃષ્ટ દેખાવ કરી જ્વલંત સફળતા પ્રાપ્ત કરી હતી.

ભજન, લોકગીત, હળવું કંઠ્ય સંગીતની સ્પર્ધામાં દામિનીબેન નયનકુમાર નાયક તથા નિબંધ લેખનમાં પવનબેન દિનેશભાઈ રાવળે પ્રથમ ક્રમ પ્રાપ્ત કર્યો હતો. સર્જનાત્મક પ્રવૃત્તિની સ્પર્ધામાં ઈંટ પર ગણપતિનું બેનબૂન શિલ્પ કંડારી પૂનમજી મેલાજી ઠાકોરે દ્વિતિય તથા વક્તૃત્વ સ્પર્ધામાં સાહિલભાઈ મહેન્દ્રભાઈ રાવળે ત્રીજો ક્રમ પ્રાપ્ત કર્યો હતો.

તમામ સફળ વિદ્યાર્થીઓને આચાર્યા ભાવનાબા વાઘેલાએ અભિનંદન આપી પ્રોત્સાહિત કર્યા હતા તથા માર્ગદર્શક પ્રકાશભાઈ પટેલને શાળા પરિવાર વતી અભિનંદન પાઠવ્યા હતા.

પ્રજાપિતા બ્રહ્માકુમારીઝ ઈશ્વરીય વિશ્વવિદ્યાલય, સેક્ટર-૨૮ દ્વારા રક્ષાબંધન પર્વની ઉજવણી અનન્ય શ્રદ્ધાપૂર્વક કરવામાં આવી હતી, જે અંતર્ગત રાજ્યના ગવર્નર ઓ પી કોહલી, રાજ્ય મંત્રીમંડળના સભ્યો, ગાંધીનગર મહાનગર પાલિકાના મેયર, ડેપ્યુટી મેયર, પદાધિકારીઓ, કર્મચારીઓ, સચિવાલયના સચિવો, મિલીટ્રી, બીએસએફ, સીઆરપીએફ, ડીએસપી કચેરીના જવાનો, અધિકારીઓ, સ્ટાફ મિત્રો અને દેના બેન્ક, પંજાબ નેશનલ બેન્ક જેવી બેન્કો, અગ્રણી શૈક્ષણિક સંસ્થાઓ, કૉલેજોના અધ્યાપકોને રાખડી બાંધી પ્રભુ પ્રસાદથી તેમનું મોં મીઠું કરાવવામાં આવ્યું હતું. સાથે-સાથે જીવનમાં રહેલી બુરાઈઓ છોડવાની અને સદ્ગુણો ધારણ કરવાની પ્રતિજ્ઞા પણ લેવડાવવામાં આવી હતી. પ્રસ્તુત તસવીરમાં બ્રહ્માકુમારીઝના ગાંધીનગર જિલ્લા સંચાલિકા કૈલાશદીદી પશુપાલન, ગૌસંવર્ધન મંત્રી બાબુભાઈ બોખીરિયાને રાખડી બાંધતા દેશ્યમાન થાય છે.

'ઠાઠ જીવનનો રાખો એવો, મૃત્યુનેય આવે પરસેવો'

પ્રેમ જેવું જગતમાં કોઈ તત્ત્વ નથી, પ્રેમ માણસને યુવાન બનાવે છે, તાકાત આપે છે : ભાગ્યેશ જહા

સિનિયર સિટીઝન્સ માટે રોટરી ક્લબ ઑફ ગાંધીનગરનો કાર્યક્રમ 'સેકન્ડ ઈનીંગ્સ' મનોરંજનસભર બની રહ્યો

ગાંધીનગરના સિનિયર સિટિઝન્સ માટે સાહિત્ય અને સ્વાનુભાવના રસાસ્વાદ સાથેના મહાકુંભમાં આજે શાહી સ્નાન કરે એવો જલસો ગાંધીનગર રોટરી ક્લબે કરાવ્યો. રોટરી ક્લબનો કાર્યક્રમ એટલે એની શિસ્તબદ્ધતા, માઈક્રોપ્લાનાગિ અને સમય કટિબદ્ધતા સાથેનો ક્વૉલિટી કાર્યક્રમ હોય જ એવી વિશ્વસનીયતા. રોટરીના પ્રમુખ એચ એમ પટેલ એટલે એનર્જીનો વહેતો ધોધ અને એની ફળશ્રુતિ એટલે વંદનીય વડીલોની જીવનશૈલીને ઑક્સિજન પૂરું પાડવાનો કાર્યક્રમ.

આપણે જન્મ્યા એટલે સિટિઝન જ થયાં, એમાં સિનિયર જેવું શું હોય ? જેવી વાત સાથે બી એન દસ્તૂરે ઑપનીંગ બૅટીંગ ચાલુ કરી. એમની ૮૨ વર્ષની ઉંમરે જે જીવન જીવવાની ટક્કર વાતો કરી એ ભલભલાને ચાર્જ કરે એવી હતી... કૅલેન્ડર સામે જોશો જ નહીં... મનગમતી વાત જ કરો... શરીર તો ઉંમર પ્રમાણે ઘરડું થશે પણ મનને યૌવન રાખો... તમારી ખોટ પડશે કે લોકો તમને યાદ રાખશે એવા વહેમમાં રહેશો નહીં...

ગાંધીજીના ગુજરી ગયા બાદ પાંચ જ વર્ષ પછી એક ફોટો ઍક્ઝિબિશનમાં એમના ફોટા નીચેનું નામ વાંચતા એક નેતાનો ફોટો છપાયો હતો...લોકો શું કહેશે ?ની ચિંતા જ છોડો... ક્રિન્ન-ક્રિન્ન કરતાં મરી જવા કરતાં કૅટરીના કે મૅરેલિન મનરો કરતાં-કરતાં મરવું ગમતું હોય તો એવું જ કરવું... નિવૃત્ત થયા બાદ આશીર્વાદ, સમજણ કે સલાહની દુકાન તો ખોલશે જ નહીં, આ ધંધામાં ખોટ અને અપયશ સિવાય કશું મળશે નહીં.

બાબા આમ્ટે લગ્ન પછી આશીર્વાદ લેવા વિનોબાજી જોડે ગયા, ત્યારે એમણે આશીર્વાદ આપ્યા : બ્રહ્મચર્યનું પાલન કરો. બાબા એટલું જ બોલ્યા, 'જે રમત તમે રમ્યા જ નથી એનું ઍમ્પાયરિંગ શું કામ કરો છો ?'... નોકરી, છોકરી અને દાક્તરની વાત કરવી જ નહીં... કાંઈ ટૅન્શન કર્યા વગર ખાઈપીને જલસા કરો... હાર્ટ ઍટેક તો બેસ્ટ છે, રાતે સૂઈ ગયા અને સવારે જાગ્યા જ નહીં !... બનવું જ હોય તો કોઈના રોલ મૉડેલ બનો... દસ્તૂરે એમની પારસી ભાષા અને લહેકા સાથે બિલકુલ જીવન જીવવાની જડીબુટ્ટી આપી દીધી...

સાહિત્યક્ષેત્રે જેમનું નામ એમના ઢાઈ અક્ષર સંગ્રહ અને પાલનપુરી બોલીમાં લખાયેલી ગીત-ગઝલથી ઈજ્જતભેર લેવાય છે એવા મુસાફિર પાલનપુરી પ્રથમ રચનાથી જ વરસ્યા, 'તમે મારે માટે કર્યું શું ? ભણાવ્યો, પંપાળ્યો, પરણાવ્યો એમાં શું ધાડ મારી ?' જેવી રચના સાથે મચ્છરની વાતમાં માણસની વ્યથા બતાવી. મચ્છરના બાપે કહ્યું, 'આજે લાગે છે આપણો મછુડો માણસનું લોહી પીને આવ્યો છે'...

પાકિસ્તાન માટેની કવિતા 'મૈત્રીનો ગુલાલ લગાડીને મોકલ્યા, ઉઘડી નહોતી આંખ એમને આંખો ઉઘાડીને મોકલ્યા અને તોય એ સાપની જેમ ડંખ્યા...આફતોમેં ફસાણે તબ આઝાદ હુએ થે, ઝંઝાલ વધાણે આઝાદ હુએ થે, જખમરોણે તમે અઝાદ હુએ થે ?.. ખરચ કે કોઈકુ તો ખાણે કે ફાંફે હૈ, ઘણી થી ગાયો ને ભેંસો ભોંકતી અપની વાડો મેં, અબ બકરીઆ બંધાણે કે ફાંફે હૈ..' જેવી અસ્સલ પાલનપુરી રચનામાં તાળીઓ પડી ગઈ...

'એક હતા કાગડા, ડોંડ ને અળવીતરા, એક દિન મોંદા પડા...' રચનાનો કટાક્ષ નેતાના વેશને ચિરે એવો હતો... અને પછી આવી મુસાફિર પાલનપુરીની ઑલટાઈમ ગ્રેટ રચના 'ડખા'. 'પહેલે જણોણે કા ડખા ને પછી મોટે કરોણે કા ડખા, રડે તો હસાણે કા ડખા, ભણતર મેં ભણાણે કા ડખા, ફિર પાસ કરાણે કા ડખા, બાયડી રૂડી દિલાણે કા ડખા, લગન કા કરજો કા ડખા, મરતે દમ તક જિંદગી બચાને કા ડખા...' અને છેલ્લે એક પંચલાઈન મારીને એમણે રજા લીધી... 'ઠાઠ જીવનનો રાખો એવો, મૃત્યુનેય આવે પરસેવો.'

ગાંધીનગરના રહેવાસી, નિવૃત્ત

આઈએએસ અધિકારી અને જાણીતા કવિ ભાગ્યેશ જહાએ પણ મુસાફિર પાલનપુરીની માફક પોતાના વક્તવ્યમાં હળવાશ રાખી હતી. અલબત્ત, લેસન કરીને મુદ્દાસર બોલવાની એમની ટેવને કારણે એમના વક્તવ્યમાં સ્પષ્ટ મુદ્દાઓ અલગ તરી આવતા હતા.

એમણે જણાવ્યું હતું કે 'આપણે ત્યાં વયસ્કો માટે વૃદ્ધ શબ્દ છે. જે વૃદ્ધિ પામે તે વૃદ્ધ. વૃદ્ધાવસ્થા એ સન્માનની અવસ્થા છે અને આનંદ લેવાની વાત એ છે કે એ એજન્ડા વગરની અવસ્થા છે. આ અવસ્થામાં વ્યક્તિ ધારે તે પ્રવૃત્તિ કરી શકે, ધારે તેવો આનંદ પ્રાપ્ત કરી શકે.

વૃદ્ધાવસ્થામાં ત્રણ બાબતો કરવાની હોય છે : (૧) સ્વસ્થ રહો, (૨) સંતોષ મેળવો અને (૩) સ્વને ઓળખો.

સ્વસ્થ રહેવાની વાત એ તન અને મન બંનેના સંદર્ભમાં છે. અને વૃદ્ધાવસ્થામાં એ પ્રાથમિકતા હોવી જોઈએ. સ્વસ્થ શબ્દમાં જ એની સમજ સમાયેલી છે. 'સ્વ'સ્થ. જાતમાં જ રત રહેવું એટલે સ્વસ્થ રહેવું. નિત્સેએ કહ્યું છે 'અધર હીઝ હૅલ.' બીજો કોઈ વ્યક્તિ તમને આનંદ આપી શકશે કે સુખી કરી શકશે એ વાતમાં માલ નથી, તમારું સુખ, તમારો આનંદ એ તમારા હાથમાં જ છે, બીજા કોઈના નહીં.

ભારતીય સંસ્કૃતિએ આપણને બે મહાન સિધ્ધાંતો આપ્યાં છે : 'અહં બ્રહ્માસ્મિ' અને 'તત્ત્વ મસિ'. મતલબ કે 'હું બ્રહ્મ છું' અને 'એ તું જ છે'.

સ્વાસ્થ્ય, સંતોષ અને સ્વ પરિચય - આ સાધ્ય પ્રાપ્ત કરવાનાં સાધનો છે : (૧) પ્રેમ, (૨) પ્રતિભા શોધ અને (૩) હકારાત્મક અભિગમ.

પ્રેમ જેવું જગતમાં કોઈ તત્ત્વ નથી. 'હું બધાને સુધારી દઉં' એ અભિગમ છોડીને બધાને પ્રેમ કરવાનું રાખો. કારણ કે પરિસ્થિતિ હવે બદલાઈ છે. જે તમારા જમાનામાં પરિસ્થિતિ હતી એ હવે નથી રહી એટલે સંતાનોને એમની રીતે જીવવા દો અને એવી અપેક્ષા ન રાખશો કે એ લોકો તમે કહેશો એ પ્રમાણે જીવે. તમે બસ એમને પ્રેમ કરો. પ્રેમ માણસને યુવાન બનાવે છે, તાકાત આપે છે.

જિંદગી જે સ્વરૂપે તમારી સામે આવે છે એ સ્વરૂપનો સ્વીકાર કરો. પ્રતિભાની પૂજા કરો, કોઈની સફળતાને, યોગ્યતાને સ્વીકારતાં શીખો. અને જિંદગી પ્રત્યે હકારાત્મક અભિગમ રાખો. હકારાત્મકતાથી સૌંદર્ય જન્મે છે.

સરવાળે પ્રેમ, પ્રતિભાશોધ અને પોઝીટીવ અભિગમથી આપણે 'સત્યમ શિવમ સુંદરમ' અવસ્થાને પ્રાપ્ત કરી શકીશું.

શાસ્ત્રો જણાવે છે કે, વૃદ્ધાવસ્થાનો સમય બુદ્ધિશાળી લોકો કાવ્ય, શાસ્ત્ર અથવા વિનોદની વાતના માધ્યમથી વિતાવે છે અને મૂર્ખ લોકો આ સમય વ્યસન, ઉંઘ અને કકળાટમાં વિતાવે છે.

વૃદ્ધાવસ્થામાં આપણે કશુંક રિઈન્વેન્ટ કરવાનું છે. આપણાં મૂળભૂત મૂલ્યો તો એ જ રહેવાનાં છે, પણ એને કોઈ નવી પરિભાષામાં, નવી રીતમાં ગોઠવવાનાં છે.

જિંદગીમાં તકલીફ તો રહેવાની જ છે, પરંતુ એને આનંદથી જીવવાની છે. 'લાઈફ ઈઝ ગૂડ બિકોઝ ઈટ ઈઝ પેઈનફુલ'. જિંદગીમાં દર્દ છે એથી જ એ સુંદર છે એ સત્ય સમજી અનુભવને અજવાળે નહીં પરંતુ 'અજવાળાના અનુભવે' વૃદ્ધાવસ્થાને અજવાળીએ.'

સેકન્ડ ઈનીંગ્સ કાર્યક્રમ અંતર્ગત વડીલોના મનોરંજન માટે એક નાટકનું મંચન પણ કરવામાં આવ્યું હતું. અમદાવાદના રહેવાસી અને ગુજરાત ગૌરવ પુરસ્કારથી સન્માનિત નાટ્યકાર અર્ચન ત્રિવેદી દિગ્દર્શિત અને જિતીષા ત્રિવેદી લિખિત નાટક 'જલસાની જિંદગી' લંચ ટાઈમ પહેલાં પ્રસ્તુત કરવામાં આવ્યું હતું, જેના માધ્યમથી અઢળક હળવાશની સાથે આનંદમાં રહેવાની શીખ વડીલોને આપવામાં આવી હતી.

આલેખન : સંજય થોરાત અને કુંતલ નિમાવત